વડીલોને વંદન અભિનંદન

નિરંજનાબેન રશ્મિચંદ્ર દવે
(૧૯૪૭)મો.૯૪૨૯૯૦૧૯૩૪

ચીમનભાઇ ટી. મિસ્ત્રી
(૧૯૪૫)ફોન: ૨૩૨૪૧૩૮

ચંદ્રિકાબેન પુરૂષોત્તમ પટેલ
(૧૯૫૧)ફોન: ૨૩૨૨૩૪૮૦

રમેશચંદ્ર રામજીભાઇ તન્ના
(૧૯૫૨)ફોન: ૨૩૨૧૨૧૯૮

રાજયની નગરપાલિકાઓને ભુગર્ભ ગટર યોજના હેઠળ રૂ. ૪૦૦૦ કરોડના ખર્ચે આવરી લેવા આયોજન

ભૂજ નગરપાલિકા માટે રૂ.૩૦ કરોડ ગાંધીધામ નગપાલિકા માટે ૪૦ કરોડની ફાળવણી કરાશે

ગાંધીનગર, તા.૧૩

રાજયની તમામ ૧૫૯ નગરપાલિકાઓને ભુગર્ભ ગટર યોજના હેઠળ રૂ. ચાર હજાર કરોડના ખર્ચે આવરી લેવાનું આયોજન છે એમ જણાવીને રાજયના શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે આગામી નાણાંકીય વર્ષમાં ભૂજ નગરપાલિકા માટે રૂ. ૩૦ કરોડ અને ગાંધીધામ નગરપાલિકા માટે રૂ. ૪૦ કરોડની ફાળવણી કરવામાં આવશે.

વિધાનસભા ગૃહમાં આજે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગની માંગણીઓ પરની ચર્ચાનો જવાબ આપતાં રાજયના શહેરી વિકાસ મંત્રી શ્રીમતી આનંદીબેન પટેલે જણાવ્યું હતું કે નિર્મળ સક્ષમ પ્રજાલક્ષી સુંદર હરિયાળા અને ધબકતા શહેરોના નિર્માણની પ્રક્રિયાને આગળ ધપાવવા માટે આગામી નાણાંકીય વર્ષમાં રૂ. ૬૬૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

તેમણે જણાવ્યું હતું કે પાણી પુરવઠા યોજના હેઠળ ૧૪૦ લીટર દિવસ દીઠ માથાદીઠ શુધ્ધ પર્યાપ્ત પીવાલાયક પાણી પુરું પાડવા રાજયની તમામ ૧૫૯ નગરપાલિકાઓને રૂ. ૨૫૦૦ કરોડના ખર્ચે આવરી લેવાનું આયોજન છે.

નિમ્ન મધ્યમ વર્ગ માટે લોવર ઈન્કમ ગ્રુપ કક્ષાના મકાનોના બાંધકામ ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા શરુ કરવામાં આવેલ છે. એમ જણાવીને તેમણે જણાવ્યું હતું કે ખાનગી વિકાસકારોને એલઆઈજી મકાનો બાંધવા પ્રોત્સાહન મળી રહે તે ધ્યાને લઈ એફોર્ડેબલ હાઉસીંગ માટે અલાયદો ઝોન રાખી ડેવલપમેન્ટ પ્લાનમાં રીઝર્વેશન મુકવામાં આવેલ છે. આ ઉપરાંત તેઓને એફએસઆઈમાં વધારો આપવામાં આવેલ છે ને એફએસઆઈની ખરીદીમાં રાહત આપવામાં આવેલ છે આ માટે એફોર્ડેબલ હાઉસીંગ પોલીસી અંતર્ગત વધારાની રાહતો આપવાની નીતી રાજય સરકારની વિચારણા હેઠળ છે.

મુખ્યમંત્રી આવાસ સમૃધ્ધિ યોજના અંતર્ગત શહેરી ગરીબો માટે શહેરોમાં સરકારી યુએલસી તેમજ મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓની જમીન પર તે જ સ્થળે ઝુંપડપટ્ટીનું પુનવર્સન ૩૬ ચો.મી. બિલ્ડઅપ વિસ્તારના બે રૂમ રસોડાના પાકા મકાનો ઝૂંપડાવાસીઓને આપવા નિર્માણ કરવા તેમજ આનુસંગિક સુવિધાઓ પૂરી પાડવા રાજય સરકાર કટીબધ્ધ છે એમ તેમણે જણાવ્યું હતું.

રાષ્ટ્રીય શહેરી નવીનીકરણ અભિયાનના અમલીકરણના મુખ્ય ઘટક યુઆઈજી હેઠળ કુલ રૂ. ૫૬૨૫ કરોડના ૭૩ મંજુર થયેલ પ્રોજેકટ પૈકી ૪૫ પ્રોજેકટ પૂર્ણ થયેલ છે. ભારતમાં પૂર્ણ થયેલ પ્રોજેકટમાંથી ૨૫ ટકા જેટલા પ્રોજેકટો ગુજરાત રાજયના છે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની નગરપાલિકાઓમાં પીવાના શુધ્ધ પાણી તથા ભૂગર્ભ ગટર યોજના માટે આગામી વર્ષ ૨૦૧૩-૧૪માં કુલ રૂ. ૫૫૦ કરોડની જોગવાઈ સૂચવેલ છે.

નગર સેવા સદનના મકાન બાંધકામો માટે વર્ષ ૨૦૧૩-૧૪માં ધોળકા ભુજ, શિહોર, ધોરાજી તથા અન્ય નગરપાલિકાઓમાં નવા નગર સેવા સદનના નિર્માણ માટેનું આયોજન હોવાનું તેમણે જણાવ્યું હતું.

૪૮ કલાકમાં પરિણામ જાહેર ન કરાય તો હવે ઉગ્ર આંદોલન

યુનિની સેમેસ્ટર પરીક્ષાઓનું પરિણામ જાહેર નહી કરાતા વિદ્યાર્થીઓનો ભારે હોબાળો : મેનેજમેન્ટની સામે સમસ્યા

અમદાવાદ, તા.૧૩

ગુજરાત યુનિવર્સીટી દ્વારા એફવાય, એસવાય અને ટીવાયમાં સેમેસ્ટર પદ્ધતિ દાખલ કરાયા બાદ ડીસેમ્બર ૨૦૧૨માં સેમેસ્ટર પરીક્ષાઓ યોજી હતી. જો કે આ પરીક્ષાોને પૂર્ણ થયે આજે બે મહિના કરતા પણ વધુ સમય વીતવા છતાં યુનિવર્સિટી દ્વારા હજુ સુધી સેમેસ્ટર પરીક્ષાના પરિણામો જાહેર કરાયા નથી. જેને લઈ આજે વિદ્યાર્થી સંગઠન એનએસયુઆઈ દ્વારા યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓને સાથે રાખી દેખાવો કરવામાં આવ્યા હતા. ગુજરાત યુનિવર્સિટી દ્વારા ગત ડિસેમ્બર ૨૦૧૩માં યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, સાયન્સ અને કોમર્સના ત્રણેય વર્ષના વિદ્યાર્થીઓની સેમેસ્ટર પરીક્ષા લેવામાં આવી હતી. આ પરીક્ષાને લેવાયે આજે બે મહિનાઓ કરતા વધુ સમય વીતી ચૂક્યો છે. તેમ છતાં યુનિવર્સિટી તંત્ર દ્વાર પરીક્ષાનું પરિણામ જાહેર કરવાનું તો દૂર રહ્યુ પરંતુ પરીક્ષાનું પરિણામ ક્યારે જાહેર થશે તેની તારીખ પણ જાહેર કરાઈ નથી. જેને લઈ વિદ્યાર્થીઓ મુઝાયા છે. પરીક્ષા બાદ પરીક્ષા નીયામકની ઓફીસ દ્વારા ૨૦ ફેબ્રુઆરી સુધી પરિણામ જાહેર કરાશે તેવી જાહેરાત કરાઈ હતી. પરંતુ ૨૦ ફેબ્રુઆરી બાદ પણ ૨૦ દિવસ વીતી ગયા છે. ત્યા સુધી પરીક્ષાના પરિણામો જાહેર કરાયા નતી. જેના કારણે વિદ્યાર્થીઓ આજે યુવિવર્સિટી કેમ્પસમાં રેલી કાઢી કુલપતિ આદેશપાલને આવેદનપત્ર પાઠવવા પહોંચ્યા હતા. જો કે કુલપતિએ વિદ્યાર્થીઓને મળવાની સ્પષ્ટ ના પાડી દેતા વિદ્યાર્થીઓ મુકુલ શાહને મળીને આવેદનપત્ર પાઠવ્યું હતુ. આવેદનપત્ર પાઠવ્યા બાદ વિદ્યાર્થીઓ કુલપતિ આદેશપાલની મનમાની વિરુદ્ધ યુનિવર્સિટી કેમ્પસમાં ઉગ્ર દેખાવો કરી કુલપતિ આદેશપાલ વિરુદ્ધ સુત્રોચ્ચાર કર્યા હતા. એટલુ જ નહીં આગામી ૪૮ કલાકમાં જો પરિણામ જાહેર ન કરાય તો ઉગ્ર આંદોલનની ચિમકી ઉચ્ચારી હતી.

મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમછેલ : પરમાર

૩૯ પોલીસ સ્ટેશનોની હદથી ૨૦૧૧, ૨૦૧૨માં એક લાખ ૨૬ હજાર ૮૫૦ લીટર દેસી દારૂનો જથ્થા પકડાયો

અમદાવાદ, તા.૧૩

ગુજરાત વિધાનસભા કોંગ્રેસ પક્ષના મુખ્ય પ્રવક્તા શૈલેષ પરમારે આજરોજ વિધાનસભામાં ગૃહ મંત્રીને તારાંકિત પ્રશ્ન વેળા દારૂનો મામલો ઉઠાવ્યો હતો અને આક્ષેપ કર્યો હતો કે મહાત્મા ગાંધીના ગુજરાતમાં દારૂની રેલમચેલ છે.૩૧-૧૨-૨૦૧૨ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરના કયા પોલીસ સ્ટેશનની હદમાંથી કેટલો અને કેટલી કિંમતનો દારૂ પકડવામાં આવ્યો. કયા પોલીસ સ્ટેશનોની હદમાંથી સૌથી વધુ દારૂ પકડાયો. તે પ્રશ્નના ઉત્તરમાં ગૃહ વિભાગનો હવાલો સંભાળતા મુખ્યમંત્રીએ લેખિતમાં જણાવેલ છે કે અમદાવાદ શહેરમાના ૩૯ પોલીસ સ્ટેશનોની હદમાંથી વર્ષ ૨૦૧૧ અને ૨૦૧૨ દરમ્યાન એક લાખ ૨૬ હજાર ૮૫૦ લીટર દેસી દારૂનો જથ્થો રૂપિયા ૨૫ લાખ ૩૪ હજાર ૧૮૦ની કિંમતનો પકડાયો છે. જ્યારે વિદેશી દારૂનો એક લાખ ૪૫ હજાર ૧૩૯ બોટલોનો જથ્થો રૂપિયા ચાર કરોડ ૪૦ લાખ ૭૭ હજાર ૬૫૦ની કિંમતનો પકડાયો ચે. આ પોલીસ સ્ટેશનો પૈકી સરદારનગર, નરોડા, અમરાઈવાડી, કાગડાપીઠ, શહેરકોટડા, બાપુનગર, રાણીપ, માધુપુરા, સોલા, ઓઢવ, રામોલ અને ખોખરા પોલીસ સ્ટેશનોની હદમાંથી સૌથી વધુ દારૂ પકડાયો છે. મહાત્મા ગાંધીજીના ગુજરાતમાં પોલીસ અને બુટલેગરોની મિલીભગતને કારણે છૂટથી દારૂ વેચાઈ રહ્યો છે અને યુવાધન દારૂમાં બરબાદ થઈ રહ્યુ છે. તેમ પરમારે જણાવ્યું હતુ.

ફોરમ ફોરફાસ્ટ જસ્ટીશના કાર્યક્રમમાં દેશભરમાંથી દિલ્હીમાં લોક ચળવર યોજાઈ હતી. સામાજિક કાર્યકર કિરણ બેદીએ લોક ચળવળ આંદોલનને ખુલલું મૂકી ન્યાય સુધારણાની જરૂરીયા દર્શાવી હતી. ન્યાયની ધીમી પ્રક્રિયા થકવી દે છે. દિલ્હીમાં ફોરમને સફળતા મળી નથી. પરંતુ હતાશ થવાની જરૂર નથી. તેમ કિરણ બેદીએ જણાવેલ હતું. વિજ્ઞાન જાથાના ચેરમેન જયતં પંડ્યાએ પણ માહિતી આપી હતી.

હરણાવ નદી કિનારે બાવળોની વચ્ચેથી મૃત નવજાત શિશુ મળી આવતા ચકચાર

ખેડબ્રહ્મા, તા.૧૩

ખેડબ્રહ્માની હરણાવ નદીના કિનારે બાવળોની વચ્ચે એક મૃત નવજાત શિશુ મળી આવતા ચકચાર મચી જવા પામી હતી. આજે ખેડબ્રમા પોલીસે મૃત શિશુનો કબજો લઈ વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ખેડબ્રહ્મા તાલુકામાં આવેલ હરણાવ નદીના પુલથી દક્ષિણ તરફ ૧૦૦ મીટર દૂર અને માર્ગથી ૪૫ ફુટ જંગલ ઝાડીમાં ગાંડા બાવળની વચ્ચે એક મૃત નવજાત શિશુ પડયું હતું જેની જાણ મયંક વૈષ્ણવ નામના વ્યકિતને થતા તેણે આ મૃત નવજાત શિશુ અંગે તાત્કાલિક પોલીસમાં જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી અને શિશુના મૃતદેહનો કબજો લઈ લીધો હતો. બનાવ સંદર્ભે પોલીસે ગુનો નોંધી મૃત શિશુના વાલી વારસની શોધખોળ હાથ ધરી છે.

પોલીસના આધુનિકરણ માટે કેન્દ્રએ ૩૩.૨૩ કરોડ ફાળવ્યા

અમદાવાદ, તા.૧૩

ગુજરાત વિધાનસભા ગૃહમાં આજે ગૃહ રાજયમંત્રી પટેલે પોલીસ તંત્રના આધુનિકરણ માટે કેન્દ્ર સરકાર તરફથી છેલ્લા બે વર્ષમાં કુલ રૂપિયા ૩૩.૨૩ કરોડની રકમ ગુજરાતને ફાળવવામાં આવી હોવાનુ જણાયુ હતુ. જો કે આ રકમ પૈકી હજુ રૂપિયા ૨૬ કરોડની રકમ ગુજરાત સરકાર પાસે પડી રહી હોવાની પણ કબૂલાત કરી હતી.

ગૃહ રાજ્ય મંત્રીએ આ સંદર્ભમાં વધુમાં જણાવ્યું હતુ કે કેન્દ્ર સરકારે જે રકમ આપી હતી તેમાંથી હથિયારો, સાધન સામગ્રી, સંદેશા વ્યવહારના સાધનો વગેરે ખરીદીના આદેશો આપી દેવાયા હતા પરંતુ જે રીતે ૩૫૬૬ બુલેટપ્રુફ જેકેટ પરિક્ષણમાં નબળા સાબિત થતા આ ઓર્ડર કેન્સલ કરવામાં આવતા તેનું ચૂકવણું થયુ નથી. જ્યારે જુદા જુદા ખર્ચે પેટે રૂપિયા ૨૦.૯૩ કરોડની રકમ ચૂકવાઈ છે અને રૂપિયા ૧૨.૨૬ કરોડની ચૂકવણી બાકી છે. તેમમે એમ પણ જણાવ્યું હતુ કે આ તમામ ખરીદી સુરક્ષાને લગતા અદ્યતન હથિયારો આયાતીત હોવાથી ખરીદ પ્રક્રિયામાં વધારે સમય લાગતો હોવાથી તેમજ કેન્દ્ર સરકાર દ્વારા ઈમ્પોર્ટ પરમીશન એનઓસી પ્રમાણપત્ર તેમજ કસ્ટમ વિભાગ અને ડાયરેક્ટ જનરલ ઓફ ફોરેન ટ્રેડની મંજુરીની જરૂરિયાત રહેતી હોઈ આ તમામ હથિયારોની ડિલીવરી મળ્યા બાદ જ ચૂકવણી કરાશે. આ ઉપરાંત બુલેટપ્રુફ જેકેટ તથા હેલ્મેટ ટેકનીકલ સ્પેસીફિકેશન મુજબ બેલેસ્ટીક ટેલ્ટનું મહત્વ ધ્યાને રાખી સંપૂર્ણ રીતે ટેકનીકલ સ્પેસીફિકેશનમાં ખરા ઉતરતી પ્રોડક્ટની ખરીદી કરવાનું નક્કી થાય છે. જ્યારે બોમ્બે ડીસ્પોઝલ અને ડીટેક્શનના અગત્યના સાધનો માટે એક્સ્ટેન્સીસ ટ્રાયલ ટેસ્ટીંગ અને ચેકીંગ કરવામાં આવે છે. આ બધી જટિલ અને અનિવાર્ય પ્રક્રિયા હોવાથી તેમજ ઉતરી કક્ષાના શસ્ત્રો, સાધનો રિજેક્ટ કરાતા ટેન્ડરની પુનઃપ્રક્રિયા હાથ ધરાતા ૧૨.૨૬ કરોડની ચૂકવી બાકી રહી હોવાનું ગૃહરાજયમંત્રીએ વિધાનસભામાં જણાવ્યું હતુ.

શેરડીના પોષણક્ષમ ભાવ માટે સરકારના પગલાઓ

ખેડૂતોને શેરડીના સારા પોષણક્ષમ ભાવ મળે તેમાટે રાજય સરકાર દ્વારા પગલા લેવામાં આવ્યા હોવાની ખાતરી સહકાર પ્રધાન બાબુભાઈ બોખેરિયાએ આપી હતી.

વિધાનસભામાં બારડોલીના ધારાસભ્ય ઈશ્વરભાઈ પરમાર દ્વારા પુછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં પ્રધાને કહ્યુ હતુ કે વર્ષ ૨૦૧૧-૧૨માં શેરડીના વાજબી અને લાભદાયી ભાવ જાહેર કરવામાં આવ્યા છે. રાજયની કાર્યરત ખાંડ સહકારી મંડળીઓને સદર સિઝનના ચૂકવેલા ભાવ જાહેર કરેલા ભાવ કરતા પણ વધુ છે. રાજય સરકારે શેરડીના ઉત્પાદનમાં વધારો થાય તેમાટે જમીન ચકાસણી ખાતરનો સંતુલિત ઉપયોગ કર્યો છે.

સાબરડેરી નજીકથી વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે એક પકડાયો

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર નજીક બુધવારના રોજ સવારે ડીજી વિજીલન્સ સ્કોર્ડ બાતમી આધારે સાબરડેરી નજીકથી વિદેશી દારૂ ભરેલી ટ્રક સાથે ચાલકને પકડી પાડી હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. ડીજી વિજીલન્સ સ્કોર્ડને ખાનગી બાતમી મળી હતી જેથી સ્કોર્ડના પીઆઈ એન.ડી. ચૌહાણ પીએસઆઈ એ.જે. પટેલ, હેડ કોન્સ્ટેબલ અનિલકુમાર સૌજન સહીત સ્ટાફે બુધવારના રોજ વહેલી સવારથી હિંમતનગર-અમદાવાદ નેશનલ હાઈવે-૮ પર સાબરડેરી પાસે વોચ કરી રહ્યા હતા દરમિયાન બાતમીવાળી ટ્રક નંબર આરજે-૧૯-જીએ-૦૧૯૭ને રોકી તેમાં તપાસ કરતા વેરના ૧૫ કોથળા ભરેલાની નીચે વિદેશી દારૂની ૯૮૦ પેટી કીંમત રૂ. ૩૮ લાખ ૯૨ હજારની મળી આવેલ જેથી ટ્રક ચાલક રાજસ્થાનના બાડમેર જિલ્લાના બાયતું તાલુકાના ઢાણી ગામના પુસ્પેન્દ્રસિંહ કિરપારામ ચૌધરીને પકડી પાડયો હતો અને ૧૦ લાખની ટ્રક સાથે કુલ રૂ. ૪૮ લાખ ૯૨ હજારના મુદ્દામાલ કબજે લઈ હિંમતનગર ટાઉન પોલીસ મથકે ફરિયાદ નોંધાવી મુદ્દામાલ અને આરોપી હિંમતનગર ટાઉનને સોંપ્યો હતો.

સેક્ટર-૨૨ની આનંદવાટિકા સોસાયટીના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા. ૧૩

સેક્ટર-૨૨માં આવેલ આનંદ વાટિકા સોસાયટીના પરિવારના સભ્યોની સામાન્ય સભા તાજેતરમાં મળી હતી. આ સામાન્ય સભામાં સર્વાનુમતે હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે કૃષ્ણકુમાર પટેલ, ઉપ પ્રમુખ તરીકે યશવંત અમીન, મંત્રી તરીકે કેતન પટેલ, સહમંત્રી તરીકે ધવલ દવે, કોષાધ્યક્ષ તરીકે હરજીવન પંચાલ તેમજ સભ્યો તરીકે નીતિન પટેલ, લલ્લુભાઈ પટેલ, ગૌરાંગ શાહ, કેતન શાહ, રાજેશ શાહ, કેતન(સોનુ) ભટ્ટ, ભાસ્કરભાઈ દવે તેમજ ચિરાગ ચાવડાની વરણી કરવામાં આવી હતી. આ હોદેદારોને સર્વએ આવકારી આનંદની લાગણી વ્યક્ત કરી હતી.

શબ્દાવલી - ૫૦૦૬



આડી ચાવી

૧. પાંડવો એ બાર વર્ષ વનવાસ અને એક વર્ષ... કર્યો (૫)
૩. ....ને માંકડા જેવું કહેવાય છે (૨)
૫. તોફાન, યુધ્ધ (૩)
૬. અચાનક (૪)
૮. હજામ (૨)
૧૦. .. ચક્ર, મરણોપરાંત ફીજીને અપાતું પદક (૫)
૧૨. લાજ-શરમ (૨)
૧૩. કાર્ય (૨)
૧૪. ચાલવું તે, ભારતમાં રૂપિયાનું .... છે (૩)
૧૬. હોંશિયાર (૩)
૧૭. કૌશલ્યા - દશરથના પુત્ર (૨)
૧૮. મોટાઇ, મહાનકાર્ય (૪)
૧૯. વીજ, વિદ્યુત (૩)

ઊભી ચાવી

૧. ઈચ્છા, શુભેચ્છા (૪)
૨. ... કરીને ઓપરેશન થાય (૪)
૩. કુસ્તીબાજ (૨)
૪. નડતું હોય તેવું (૪)
૫. આદેશ, આજ્ઞા (૩)
૭. ઠંડો પવન આપતું સાધન (૫)
૯. જાદુ, ઈલાજ (૩)
૧૧. નબળું, ઢીલું (૨)
૧૩. ખેપિયો, ચિઠ્ઠી પહોંચાડનાર (૩)
૧૪. વ્હાલુ (હિન્દીમાં) (૩)
૧૫. ગરમ ધાબળી (૩)
૧૬. અપમાનનું વિરોધી (૨)
૧૭. સત્તા, હકૂમત (૨)

શબ્દાવલી ૫૦૦૫ના જવાબ

આડી ચાવી :- (૧) પલાયન (૩) તોતિંગ (૫) તડ (૬) માપ (૭) નકોરડો (૯) ચીકું (૧૨) નજાકત (૧૫) રકસુ (૧૭) મહાન (૧૮) લાવા (૧૯) કવેણ (૨૦) બંદીસ

ઊભી ચાવી :- (૧) પતન (૨) લાડકોડ (૩) તોપ (૪) ગલીકુંચી (૮) ડોલ્ફીન (૧૦) સાકર (૧૧) ઈત્તિફાક (૧૩) તકલાદી (૧૪) કામણ (૧૬) સુવાસ

ગાંધીનગર સિંધી પંચાયતના હોદેદારો વરાયા

ગાંધીનગર, તા. ૧૩

સિંધી પંચાયત ગાંધીનગરની સામાન્ય સભા તા. ૨૩ ફેબ્રુઆરી-૨૦૧૩ના રોજ મળી હતી. બેઠકમાં સિંધી પંચાયત ગાંધીનગરના બંધારણની જોગવાઈ મુજબ સંસ્થાના હોદેદારો અને કારોબારી સભ્યોની દર પાંચ વર્ષે વરણી કરવામાં આવે છે જે અંતર્ગત વર્ષ-૨૦૧૩ થી ૨૦૧૭ માટે તમામ હોદેદારોમાં પ્રમુખ લાલચંદ ગોપલાણી, ઉપપ્રમુખ - ચતુર લીલાણી, નિર્મલ જે સવાણી, જનરલ સેક્રેટરી આત્મારામ ખત્રી, જોઈન્ટ સેક્રેટરી તિર્થ ટહિલિયાણી, જયાબેન ધીરમલાણી, સેક્રેટરી (નાણા) ઘનશ્યામ વાસવાણી સહિત કારોબારી સભ્યોમાં કિશન ગેહાણી, અર્જુન રીઝવાણી, થાંવરદાસ રામાણી, મોહન મંગતાણી, કિશોર ગોપાલાણી, મુકેશ ગોપાલાણી, ભગવાનદાસ ચાગલાણી, કિરપાલદાસ માખીજા, લક્ષ્મીબેન લીલાણી, અર્ચના ચંચલાણી અને વિજુબેન હરચંદાણીની વરણી કરવામાં આવી છે. તેમ ગાંદીનગર સિંધી પંચાયતના પ્રમુખ લાલચંદ ગોપાલાણીએ જણાવ્યું હતું.

વધુ બે કેસ નોંધાયા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

દર્દીઓની સંખ્યા ૧૬ પર પહોંચી છે. આજે નોંધાયેલ દર્દીમાં સરગાસમમાં પુરૂષ અને પેથાપુરમાં મહિલા હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૦ જેટલી મહિલા દર્દીઓ નોંધાઈ છે જે સૌથી વધુ ચિંતાનો મુદ્દો તંત્ર માટે બન્યો છે. તંત્રએ બન્ને દર્દીઓના નિવાસસ્થાનની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સ કર્યું છે અને કોઈ નવા શંકાસ્પદ કેસ મળ્યા નહિ હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્ય તંત્રની લાલ આંખ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

મ્યુનિ. કમિશનરશ્રી દ્વારા રચાયેલ ટાસ્ક ફોર્સની ટીમ ત્રાટકી હતી. ટીમની તપાસ દરમ્યાન ૧૫ જેટલા દુકાન સંચાલકોને કચરાના નિકાલ માટે અલાયદુ ડસ્ટબીન નહિ રાખવા માટે નોટીસ આપી હતી.

આ ટીમે ૩ જેટલા ફૂડ લાયસન્સ નહિ ધરાવતા વેપારીઓ મળી આવતાં તેમને પણ નોટીસ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે. ટીમે ફૂડ પાર્લર અને ખાણી-પીણીના દુકાન ધારકોને એપરન અને માથે કેપ સર્વિસ વેઈટરોને ફરજીયાત પહેરવા માટે પણ સૂચનાઓ આપી હોવાનું જાણવા મળેલ છે.

ગરમીની મોસમના પ્રારંભે જ તંત્ર દ્વારા અગમચેતીના પગલાંરૂપે હાથ ધરાયેલ કાર્યવાહીને લઈ વેપારી આલમમાં પણ ફફડાટ વ્યાપી જવા પામ્યો છે.

ખાતમુહૂર્ત વિધિ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

વિચારણામાં છે. સરકારે આ માટે અલાયદા ઝોન પણ નિયત કર્યા છે.

તેમણે જણાવ્યું હતું કે મધ્યમવર્ગ માટે હાઉસીંગ બોર્ડ દ્વારા આવાસ યોજનાઓની કામગીરી પણ હાથ ધરવામાં આવશે. શ્રીમતિ પટેલે જણાવ્યું હતું કે શહેરી વિસ્તાર હોય કે ગ્રામ્ય વિસ્તાર હોય એક પણ માનવી પોતાની છત વિના જીવન ના જીવે તેવી રાજય સરકારની ઈચ્છા છે અને માનવી ઘર પોતાનું બનાવે તે માટે સરકાર આગળ વધી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે શહેરની આગવી ઓળખ સમી પરિયોજનાઓ માટે પણ તેમજ સ્વર્ણીમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટે જંગી રકમ ફાળવવામાં આવી છે.

દરમ્યાન મેટ્રોરેલ પ્રોજેક્ટ અંગે વિભાગના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ ડી.પી.આર. તૈયાર કરવાની કામગીરી તેના અંતિમ તબક્કામાં છે. આ માટે કેટલીક તકનીકી ચર્ચાઓ હાલ ચાલી રહી છે અને રાજયના સ્થાપના દિને જ આ પ્રોજેક્ટની ખાતમુહૂર્ત વિધિ થાય તે રીતે સમગ્ર કાર્યવાહી ચાલી રહી છે.

ટેન્ડર નોટીસ

સર પ્રતાપ જનરલ હોસ્પિટલ હિંમતનગરના અંદરના દર્દીઓ માટે ડાયેટ તેમજ પેટી સપ્લાય તેમજ સ્ટેશનરીની ચીજ વસ્તુઓ તેમજ પ્રિન્ટર કાર્ટીઝ રીફીલીંગ અને રીપેરીંગ તથા હોસ્પિટલ ઉપયોગી લીનન, ધુલાઈ પુરી પાડવા માટે સને ૨૦૧૩-૨૦૧૪ના વર્ષ માટે વાર્ષિક ઈજારો નક્કી કરવા નિયત નમુનાના ટેન્ડરમાં ભાવ પત્રકો મંગાવવામાં આવે છે. ટેન્ડર ફોર્મ અત્રેથી તા. ૧૯/૩/૧૩થી તા. ૨૮/૩/૧૩ના રોજ સવારના ૧૨-૦૦ કલાકથી સાંજના ૧૭-૦૦ કલાક સુધી મળી રહેશે.

ડૉ. જે. એમ. ઉપેરીયા
મુખ્ય જીલ્લા તબીબી અધિકારી સબ સિવિલ સર્જન
સર પ્રતાપ જનરલ હોસ્પિટલ, હિંમતનગર

ક્રમાંક ના.માનિ./હિંમત/૫૧૯/૨૦૧૩